**સેવા સમાધાન પોર્ટલ બાબત...**

કમિશનર શાળાઓની કચેરી
વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર, ગુજરાત રાજ્ય
પરિપત્ર ક્રમાંક : COS/સેવા સમાધાન/૨૦૨૬/૨૧૨૩-૨૨૧૯
તા. ૦૬/૦૮/૨૦૨૬

**પરિપત્ર :**

રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યરત ૩ લાખથી વધુ શિક્ષકોની સેવાકીય બાબતો સંદર્ભે રહેલ પડતર બાબતોના ત્વરિત, પારદર્શી, પેપરલેસ અને સમયબદ્ધ (100% SLA સાથે) નિરાકરણ તથા મોનીટરીંગ હેતુસર શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા એક ડિજિટલ પહેલ રૂપે "સેવા સમાધાન પોર્ટલ" (ssp.ssgujarat.org) તૈયાર કરવામાં આવેલ છે. સદરહુ પોર્ટલનું લોકાર્પણ માન. મંત્રીશ્રી (શિક્ષણ) અને માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીના વિઝન અનુસાર શિક્ષકો વહીવટી ગૂંચવણોથી મુક્ત રહીને માત્ર શિક્ષણ અને ભણાવવા પર ધ્યાન આપી શકે (Classroom-first) તેમજ કચેરીઓના ધક્કામાંથી મુક્તિ મળે તે આ પોર્ટલનો મુખ્ય હેતુ છે.

**સદરહુ પોર્ટલમાં હાલમાં નીચે મુજબની ૮ મુખ્ય સેવાઓનો સમાવેશ કરવામાં આવેલ છે:**

| | |
|---|---|
| • ઉચ્ચતર પગાર ધોરણ (પ્રથમ/દ્વિતીય/તૃતીય) | • LTC મંજૂરી (પ્રવાસ ભથ્થું અને રિઇમ્બર્સમેન્ટ) |
| • એરીયર્સ (પડતર બાકી રકમનું નિરાકરણ) | • પૂરા પગારમાં સમાવેશ (ફિક્સમાંથી કાયમી પગાર) |
| • CPF નંબર / CPF ઉપાડ (નંબર મેળવવો અને રકમ ઉપાડ) | • GPF નંબર/આંશિક ઉપાડ/૯૦% ઉપાડ/આખરી ઉપાડ |
| • રજા મંજૂરી (વિવિધ પ્રકારની રજાઓની મંજૂરી) | • પેન્શન (નિવૃત્તિ લાભોનું નિરાકરણ) |

હાલ પ્રથમ તબક્કે ઉક્ત મુજબની સેવાઓનો સમાવેશ આ પોર્ટલ હેઠળ કરવામાં આવેલ છે જેમાં તબક્કાવાર જરૂરિયાત જણાયે આ સેવાઓની સંખ્યામાં વધારો કરવામાં આવશે. આ પોર્ટલ સંદર્ભે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1. રાજ્યની સરકારી અને અનુદાનિત શાળાઓના શિક્ષકો માટે હાલમાં ઉક્ત સેવાઓ પૈકી જે સેવાને લગત બાબત હાલમાં પડતર એટલે કે જિલ્લા/તાલુકા કક્ષાએ અરજી કરેલ હોય અને લાંબા સમયથી પડતર હોય તેવા શિક્ષકોએ પોર્ટલ હાલમાં પ્રથમ તબક્કે https://ssp.ssgujarat.org/ પર જઇ તા. ૦૫/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ દરમ્યાન પોતાની ફરિયાદ (Grievances) ઓનલાઇન રજૂ કરવાની રહેશે. આ માટે શિક્ષકે પોતાના Teacher Code અને OTP વડે સુરક્ષિત ઓનલાઇન લોગિન કરી, + Raise Issue પર ક્લિક કરી, સેવા પ્રકાર પસંદ કરીને જરૂરી દસ્તાવેજ (PDF/JPG max 1MB) અપલોડ કરી અરજી સબમિટ કરવાની રહેશે, જેથી આપોઆપ Unique Issue Number જનરેટ થશે. આ સંદર્ભે માર્ગદર્શિકા પોર્ટલ પર ઉપલબ્ધ છે જેનો અભ્યાસ કરી પોર્ટલ પર વિગતો રજૂ કરવાની રહેશે.

2. આ પોર્ટલ પર આ સેવાઓની વિગતો ઉપલબ્ધ રહેશે જેની સંબંધિત શિક્ષકે જરૂરિયાત અનુસાર મુલાકાત લઇ પોતાની સેવા વિષયક ફરિયાદ (Grievances) રજૂ કરી શકશે તેમજ પોતાના ડેશબોર્ડ પરથી Real-time સ્ટેટસ ટ્રેકિંગ (Pending, Approved/Rejected) જોઈ શકશે. દરેક તબક્કે શિક્ષકને SMS એલર્ટ પણ પ્રાપ્ત થશે.
3. જિલ્લા કક્ષાએથી (DEO / DPEO કક્ષાએથી) આ તમામ ફરિયાદ (Grievances) નો નિકાલ નિયત સમયમર્યાદામાં (SLA) નિયમોનુસાર ચકાસણી કરી, સક્ષમ અધિકારીશ્રીનો મંજૂર/નામંજૂર હુકમ (Order Copy) પોર્ટલ પર અપલોડ કરી પૂર્ણ કરવા પ્રયાસ કરવાનો રહેશે. આ નિર્ણય બાદ શિક્ષક દ્વારા Satisfied (Close) અથવા Keep Open (પુનઃ સમીક્ષા) ફીડબેક સબમિટ કરી શકાશે.
4. દર માસે માન. અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાનાર માસિક બેઠકમાં ઉક્ત ફરિયાદ (Grievances) સંબંધે કચેરીવાર કરવામાં આવેલ કાર્યવાહી તેમજ ફરિયાદ (Grievances) ના નિકાલ (Compliance) અંગેની સઘન સમીક્ષા કરવામાં આવશે.
5. ઉક્ત પોર્ટલ અંગેની જાણ આપના તાબા હેઠળની તમામ સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકોને આપની કક્ષાએથી કરવા આથી જણાવવામાં આવે છે. આ સાથે પોર્ટલના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા સામેલ છે જે તમામ શિક્ષકશ્રીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ : પોર્ટલના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા**

**(પી. કે. ત્રિવેદી)**
**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુજરાત રાજ્ય**

**(આનંદ પટેલ, IAS)**
**કમિશનર**
**શાળાઓની કચેરી**
**ગુજરાત રાજ્ય**

**પ્રતિ,**

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)

3. શાસનાધિકારીશ્રી (તમામ)

**નકલ સવિનય રવાના જાણ સારું:**

૧. માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર

૨. માન. રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર

3. માન. અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર

૪. માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના અંગત સચિવશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

# Seva Samadhan Portal

# સેવા સમાધાન પોર્ટલ

# માર્ગદર્શિકા


## Education Department

Government of Gujarat


શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

શિક્ષકોની સેવાકીય બાબતોને લગતી સમસ્યાના સમાધાન માટે “સેવા સમાધાન પોર્ટલ” બનાવવામાં આવેલ છે. જેમાં શિક્ષકો પોતાની સેવા અને જોડાણને લગતી સમસ્યાઓ દર્શાવવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેમાં શિક્ષક પોતાના ટીચર પોર્ટલમાં આપેલ મોબાઈલ નં. પર OTP આધારે લોગિન કરી પોતાની સમસ્યા પોર્ટલ પર રજુ કરી શકશે. જેનું જિલ્લા કક્ષાએથી DPEO/DEO (લાગુ પડતું હોય તે) દ્વારા સમાધાન કરવામાં આવશે. અહી આ પોર્ટલમાં સમસ્યા જણાવવા માટે શિક્ષક લોગિન અને સમસ્યા અપલોડ કરવા માટેના માર્ગદર્શક સોપાનો તેમજ જિલ્લા કક્ષાએ DPEO/DEO દ્વારા શિક્ષકની આવેલ સમસ્યાનું યોગ્ય સમાધાન કેવી રીતે કરવું તે અંગેના માર્ગદર્શક સોપાનો અત્રે દર્શાવેલ છે. જે તમામ શિક્ષકો અને જિલ્લા કક્ષાના અધિકારીશ્રી (DPEO/DEO) તે સુનિશ્ચિત કરશો.


# શિક્ષક લોગીન સુવિધા





સેવા સમાધાન પોર્ટલની link ઓપન કરશો. જ્યાં ઉપરની બાજુમાં Login નું બટન જોવા મળશે. જેના પર ક્લિક કરશો.





Login બટન ક્લિક કરી ઉપર મુજબના વિકલ્પ જોવા મળશે. જ્યાં **Teacher – શિક્ષક** વિકલ્પ પસંદ કરશો. ત્યારબાદ Teacher Portal ના Teacher Code એન્ટર કરશો ત્યારબાદ Captcha એન્ટર કરી નીચે આપેલ **Send OTP** બટન પર ક્લિક કરશો.





Teacher Portal પર એડ કરેલા મોબાઈલ નંબર પર OTP આવશે. જે અહી લખીને નીચે આપેલ Verify & Login પર ક્લિક કરશો. એટલે સેવા સમાધાન પોર્ટલ પર લોગિન થશો.




સમાધાન પોર્ટલ પર લોગિન થશો એટલે આ મુજબની વિગતો દર્શાવતું Dashboard જોવા મળશે, જેમાં શિક્ષક દ્વારા કેલ કુલ અરજી તે પૈકી **પેન્ડીંગ(Pending)-મંજુર(Aproowed)- નામંજૂર (Rejected)- બંધ (Closed) -ચાલુ (Keep Open)** તે સ્થિતિ (Status) જોવાં મળશે. નવી અરજી કરવા માટે ઉપર આપેલ **Raise Issue** અથવા નીચે આપેલ **+ Raise a New Issue** પર ક્લિક કરી નવી અરજી કરી શકશો.




**Raise Issue** અથવા નીચે આપેલ **+ Raise a New Issue** પર ક્લિક કરતાં સેવાકીય બાબતોની યાદી જોવા મળશે. જે પૈકી કયા પ્રકારની સેવાકીય બાબત સંદર્ભે અરજી કરવા ઈચ્છો છો પસંદ કરવાની રહેશે.



Raise an Issue / અરજી કરો

**Read carefully** / ધ્યાનથી વાંચો: This portal is only for issues arising within existing **Policy / GR / Circular** provisions. Wrongful use is liable to action by the Controlling Officer, including debarment from the portal. ખોટા ઉપયોગ સામે નિયંત્રક અધિકારી દ્વારા દંડનીય કાર્યવાહી થઈ શકે છે.

Service Type / સેવા પ્રકાર *

First Higher Pay Scale

**Instructions:** For 9-year higher pay scale benefit. Ensure service book entries are updated.
Governing reference: **GR/EDN/2016/Higher-Pay-Scale**

કોર્ટ કેસ ચાલે છે કે નહિ? *

Yes / હા    No / ના

Date / તારીખ *

dd-mm-yyyy

જો fixed date જાણતા ન હોય તો Tentative date (સંભવિત તારીખ) Select કરવી.

Covering Letter / કવરિંગ લેટર * (one page, max 1 MB, PDF/JPG/PNG)


Choose File back to school fail status update process.pdf

Comments / ટિપ્પણી *

KSFNASKL;FBHASKLFBHASKFBASDKJFGBASDKJBSDJKB

Submit · સબમિટ    Cancel / રદ

- સેવાકીય પસંદ કર્યા બાદ તે બાબત સંદર્ભે કેટલીક લાગુ પડતી વિગતો જેવી કે કોર્ટ કેસ થયેલ છે તો તે **હા-ના** વિગત આપવાની રહેશે.
- જે તે સમસ્યા સંબંધિત **તારીખ** (દા.ત. ઉચ્ચતર પગાર ધોરણની તારીખ) દાખલ કરવી.
- સમસ્યા સંબધિત **પત્ર/ડોક્યુમેન્ટ** અપલોડ કરવા.
- સમસ્યાને લગતી ટૂંકી વિગત લખી નીચે આપેલ **Submit** બટન પર ક્લિક કરી અરજી સબમિટ કરી શકશો.




અરજી સબમિટ કર્યા બાદ અરજી સફળતાપૂર્વક નોંધાઈ ગયા અંગેનો મેસેજ **અરજી નંબર** સાથે જોવા મળશે, નીચે **View My Issues/મારી અરજીઓ** અને **Dashboard/ ડેશબોર્ડ** ના વિકલ્પ જોવા મળશે. **Dashboard/ ડેશબોર્ડ** પર ક્લિક કરતાં મુખ્ય પેજ (**Dashboard/ ડેશબોર્ડ**) જોવાં મળશે.


**View My Issues/મારી અરજીઓ** પર ક્લિક કરતાં શિક્ષકે કરેલ અરજીની યાદી જોવા મળશે.

**My Issues / મારી અરજીઓ**

+ New Issue / નવી

| ISSUE NO. અરજી નં. | SERVICE TYPE સેવા પ્રકાર | RAISED તારીખ | STATUS સ્થિતિ | FEEDBACK ફીડબેક | |
|---|---|---|---|---|---|
| ESM/GEN/2026/000001 | First Higher Pay Scale | 13-07-2026 | Rejected | Keep Open | View જુઓ |
| ESM/GEN/2026/000002 | Fixed pay to permanent | 13-07-2026 | Approved | - | View જુઓ |
| ESM/GEN/2026/000003 | Fixed pay to permanent | 13-07-2026 | Pending | - | View જુઓ |
| ESM/GEN/2026/000004 | Second Higher Pay Scale | 13-07-2026 | Approved | Keep Open | View જુઓ |
| ESM/2499/2026/000001 | GPF Number | 13-07-2026 | Approved | Satisfied | View જુઓ |
| ESM/2499/2026/000002 | First Higher Pay Scale | 14-07-2026 | Pending | - | View જુઓ |
| ESM/2499/2026/000003 | Fixed pay to permanent | 14-07-2026 | Pending | - | View જુઓ |
| SSP/2499/2026/000004 | Arrears | 14-07-2026 | Pending | - | View જુઓ |

**View My Issues/મારી અરજીઓ** પર ક્લિક કરતાં શિક્ષકે કરેલ અરજીની યાદી જોવા મળશે. જેમાં સેવા પ્રકાર (SERVICE TYPE)- અરજીની તારીખ (RAISED)- સ્થિતિ (STATUS)- ફીડબેક (FEEDBACK) જેવી વિગતો જોવા મળશે.
અરજીમાં છેલ્લે આપેલ View જુઓ બટન પર ક્લિક કરી અરજીની સ્થિતિની વિગતો જોઈ શકશો.





શિક્ષક દ્વારા કરેલી અરજીના અનુસંધાને જિલ્લા કક્ષાએથી સમાધાન આપે હશે, જે યોગ્ય જાણશે તો શિક્ષક setisfied-closed સંતુષ્ટ બટન પર ક્લિક કરશે, અને અરજી પૂર્ણ કરશે.


જો શિક્ષકને અરજી સંદર્ભે કોઈપણ સમસ્યા જણાશે અથવા ઉચિત સમાધાન ના male તો Keep open – ચાલુ રાખો સ્ટેટસ સિલેક્ટ કરી જરૂરી ફીડબેક લખી નીચે આપેલ Submit Feedback – ફીડબેક મોકલો બટન પર ક્લિક કરશો.

આ મુજબ શિક્ષક કરેલ તમામ અરજી પરત્વે ક્રમશ: ફીડબેક આપી શકશે.


# જિલ્લા લોગિન માર્ગદર્શિકા




સેવા સમાધાન પોર્ટલ ઓપન કરી ઉપર Officer-અધિકારી વિકલ્પ પસંદ કરશો. ત્યારબાદ dpeo<<જિલ્લા કોડ>> એન્ટર કરશો ત્યારબાદ Captcha એન્ટર કરી નીચે આપેલ **Send OTP** બટન પર ક્લિક કરશો.





**District Officers Monthly Review System** પોર્ટલપર એડ કરેલા મોબાઈલ નંબર પર OTP આવશે. જે અહી લખીને નીચે આપેલ Verify & Login પર ક્લિક કરશો. એટલે સેવા સમાધાન પોર્ટલ પર લોગિન થશો.





સમાધાન પોર્ટલ પર લોગિન થશો એટલે આ મુજબની વિગતો દર્શાવતું Dashboard જોવા મળશે, જેમાં શિક્ષક દ્વારા કેલ **કુલ અરજી** તે પૈકી **પેન્ડીંગ(Pending)-મંજુર(Aprooved)- નામંજૂર (Rejected)** તે સ્થિતિ (Status) જોવાં મળશે.


Feedback Overview માં જિલ્લા કક્ષાએથી આપેલ સમાધાન સંદર્ભે શિક્ષકે આપેલ ફીડબેક અને તેનો સારાંશ(summary) જોવા મળશે. આવેલ અરજીઓ પરત્વે કાર્યવાહી અર્થે Go to Issues – Action/ કાર્યવાહી બટન પર ક્લિક કરશો.





**Go to Issues – Action/** કાર્યવાહી બટન પર ક્લિક કર્યા બાદ આવેલ અરજીઓની યાદી જોવા મળશે. જેના પર કાર્યવાહી કરવા માટે છેલ્લે આપેલ **Decide** અને શિક્ષકોના ફીડબેક પરત્વે કાર્યવાહી કરવા **View** બટન પર ક્લિક કરશો.




**Go to Issues – Action/ કાર્યવાહી** બટન પર ક્લિક કર્યા બાદ આવેલ અરજીઓની યાદી જોવા મળશે. જેને **સેવાના પ્રકાર Service Type)** મુજબ ફિલ્ટર કરી શકાય તેની સુવિધા આપેલ છે.





**Go to Issues – Action/ કાર્યવાહી** બટન પર ક્લિક કર્યા બાદ આવેલ અરજીઓની યાદી જોવા મળશે. જેને **અરજીની સ્થિતિ (Statuses)** મુજબ ફિલ્ટર કરી શકાય તેની સુવિધા આપેલ છે.




આવેલ અરજીઓ પરત્વે કાર્યવાહી માટે **Decide /View** બટન પર ક્લિક કર્યા બાદ અરજી મંજુર અથવા નામંજૂર કરી તે અંગેના જરૂરી હુકમ/પત્ર અપલોડ કરી આવાશક સૂચનાઓ લખી છેલ્લે Save Decision – સાચવો બટન પર ક્લિક કરશો.

આ મુજબ ક્રમશ: તમામ અરજીઓ પર કાર્યવાહી કરવાની થાય છે.




| ISSUE NO. અરજી નં. | TEACHER શિક્ષક | SERVICE TYPE સેવા પ્રકાર | DECISION નિર્ણય | FEEDBACK ફીડબેક | COMMENT ટિપ્પણી |
|---|---|---|---|---|---|
| ESM/GEN/2026/000002 | Meera Singh | Fixed pay to permanent | Approved | Pending | |
| ESM/GEN/2026/000004 | Meera Singh | Second Higher Pay Scale | Approved | Keep Open | asfasdasdas |
| ESM/GEN/2026/000001 | Meera Singh | First Higher Pay Scale | Rejected | Keep Open | afasfasfasfasf |
| ESM/2499/2026/000001 | Meera Singh | GPF Number | Approved | Satisfied | dfghfgdhfdghh |

Feedback ફીડબેક અંતર્ગત જિલ્લા કક્ષાએથી કરેલ કાર્યવાહી સંદર્ભે શિક્ષકે ફીડબેક આપેલ અરજીઓની યાદી જોવા મળશે. જેમાં શિક્ષકે setisfied ફીડબેકને અરજીનું નિરાકરણ થયેલ છે. Pending અને keep open સ્ટેટસ ની અરજી પરત્વે શિક્ષકની રજૂઆત બાકી છે એટલે તેનું સમાધાન કરવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.